શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૧

## જનસમુહનુ પ્રતિનિધિત્વ

સામાન્ય રીતે જનસમુહ સાથે સ્વૈચ્છિક સ્તરે કાર્યરત સંગઠનોના કાર્યકરો બહુ નજીકથી સંકળાયેલા હોય છે જેથી તેઓ તેમની સમસ્યાઓનું સારી રીતે આકલન કે વિશ્લેષણ કરી શકતા હોય છે.

સ્વૈચ્છિક સંગઠનોને અનુભવે જણાયુ કે તેમના કાર્યકરો સમસ્યાઓના નિરાકરણમાં પણ સંપુર્ણ પણે પોતાની જાતને સતત સામેલ રાખી સમસ્યાઓનું નિરાકરણ કરતા હોય છે. જેને આપણે એક સારા પ્રયાસ તરીકે ચોકકસ જોઈ શકીએ પણ તે અસરકારક પરિણામો મેળવી શકવામાં સંપુર્ણ સફળ જોવા મળતા નથી. જયારે જનસમુહની કોઈ પણ સમસ્યાઓ હોય તેને સમજવા તથા ઉકેલ શોધવા સહભાગી મુલ્યાંકન કરી પ્રભાવિત વ્યકિતઓને સાથે રાખી સૂક્ષ્મ આયોજન કરવામાં આવે અને તે આયોજનનું અમલીકરણ સંપુર્ણ રીતે જનસમૂહ પાસે રહે, સ્વૈચ્છિક સંગઠનો જરુર જણાય ત્યાં શૈક્ષણિક અને ટેકનીકલ સહયોગ તેમજ નાણાકીય વ્યવસ્થા અને સંચાલન માટે માર્ગદર્શન કરે તો ઝડપથી અને અસરકારક પરિણામો મળી શકે છે તેવું પણ જોવા મળે છે. સરકારશ્રીની યોજનાઓ પણ લોકભાગીદારીથી ચલાવવી તેવી સંકલ્પના છેલ્લાં ઘણાં વર્ષથી પ્રસ્થાપિત થઈ છે પણ જનસમુહના પ્રતિનિધિ અને સેવા આપનાર પ્રતિનિધિઓ થકી ચલાવવાની થતી યોજનાઓ પણ જોઈએ તેવી કારગત નીવડતી નથી ત્યારે જનસમુહ અને સેવા આપનાર બંને નિરાશ થાય છે. આ બાબતો આપણે પંચાયતી રાજ, સહકારી ક્ષેત્ર, સરકારશ્રીની યોજનાઓના અમલીકરણ માટે બનેલી છેવાડાના સ્તરની સમિતીઓ જેમ કે પાણી સમિતી, ગ્રામ સંજીવની સમિતી, શાળા

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

*બાળકોને ઉપદેશ નહિ ઉદાહરણ જોઈએ.*

વિકાસ અને વ્યવસ્થાપન સમિતી, વોટરશેડ સમિતી, જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતી, મહિલા ન્યાય સમિતી વિગેરેમાં પણ જોઈ રહયા છીએ.

ઉપરોકત સમિતીઓ સિવાય બીજી ઘણી સમિતીઓ બનતી હોય છે. જેમાં સરકારશ્રીના વિભાગો કે જાહેર તથા ખાનગી ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ કે જનસમૂહના પ્રતિનિધિઓ જોડાઈને કાર્ય કરતા હોય છે. ખાસ કરીને આ સમિતીઓ ગ્રામ્ય સ્તરે બનતી હોય છે ત્યારે સમિતીના સભ્યોને પોતાની ભૂમિકા અને જવાબદારીની ખબર હોતી નથી તેમજ ઘણાં કિસ્સામાં તો તેઓ જે તે સમિતીના સભ્ય છે તેની પણ તેને ખબર હોતી નથી. આમ, સારા અમલીકરણની અપેક્ષા છતાં આવી પરિસ્થિતીમાં પણ પરિણામો મેળવવા અશકય દેખાય છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ટીમને આ પ્રકારની સમિતીઓ સાથે કામ કરવાનો છેલ્લા પંદરેક વર્ષનો અનુભવ છે જેમાં ગ્રામપંચાયત, તકેદરી સમિતી, સ્વસહાય જુથ, મહિલા ન્યાય સમિતી, પાણી સમિતી તથા વોટરશેડ સંગઠનો અને પ્રાથમિક શિક્ષણમાટે બનેલી સમિતીઓ સાથે કાર્ય કર્યુ છે જેમાં અમૂક સમૂહમાં સેવા આપનારાઓનું પ્રતિનિધિત્વ પણ નથી. માત્ર જન સમૂહના લોકો જોડાયેલા છે. જે તે કાર્ય માટે ગઠીત થયેલા આ નાના સમૂહોને પોતાના કામની સંકલ્પના સ્પષ્ટ થાય છે તેટલા સમૂહો ખુબજ સરળતાથી અને સફળતા પૂર્વક આગળ વધ્યા છે જેનુ એક ઉદાહરણ અવિરત એગ્રો પ્રોડયુસર કંપની છે.

અવિરતની રચના આ પ્રકારના ખાંભા તાલુકાના ખેડૂતોના નાના નાના સમૂહો દ્વારા થઈ છે અને તેઓ જ તેનું સંચાલન કરી રહયા છે. છેલ્લા ૭ વર્ષથી ખોટમાં ચાલતી આ સંસ્થાએ ચાલુ વર્ષમાં પોતાનો ખેતીને લગતી સેવાનો વ્યવસાય ચલાવવામાં કુશળતા પ્રાપ્ત કરી હોય તેમ જણાઈ રહયુ છે એટલે કયારેક કોઈ સંગઠનો પોતાના લક્ષ્ય તરફ આગળ વધવા લાંબો સમય લે છે પણ તેનાથી તૈયાર થયેલ માળખુ ઘણું મજબુત હોય છે.

આ કંપનીએ હાલ પોતાના કાર્યવિસ્તાર ખાંભા ઉપરાંત જાફરાબાદ, રાજુલા અને ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકામાં પણ ત્યાંના ખેડૂતો સાથે ખેતીના ઈનપુટ પુરા પાડવા તથા ખેત ઉત્પાદનો ખરીદવા માટે કામગીરી શરુ કરી છે.

સ્વસહાય જુથોને પણ આ કંપનીમાં જોડવા પ્રયાસ થયો હતો પણ તેમાં સફળતા ન મળી સંસ્થાની ટીમ દ્વારા તેનુ ફેડરેશન બને તે માટે પ્રયાસ કરી રહી છે. એટલે સમૂહોના જોડાણો તત્કાલ કાર્યરત થઈ જાય તેમ બનતુ નથી જેથી બંને પક્ષોએ ધીરજ રાખવી જરૂરી છે. હિરેરીને કાર્ય અધુરુ છોડી જવાની ઘટનાઓ વધુ

***ભિંતમાં પડેલી તિરાડ સંધાય છે. સંબંધ માં પડેલી તિરાડ ભિંત બને છે.***

પ્રમાણમાં જોવા મળે છે.

શાળાઓમાં વર્ષ ૨૦૦૧ થી સંશોધન, સર્વે કે શૈક્ષણિક જાગૃતિના કાર્યોને લઈ સંપર્ક બન્યો છે અને અનુભવે તેમાં રચાયેલ સમિતીઓની કાર્યરીતીથી પરિચિત થયા છીએ. આ સમિતીઓ પણ પાવરફુલ વ્યકિતઓ પોતાને અનુકુળ આવે તે રીતે ચલાવે અથવા બિલકુલ નિષ્ક્રિય હોય તેવુ પણ જોવા મળ્યુ છે. હમણાં છેલ્લા સુધારાઓ મુજબ બનેલી શાળા વ્યવસ્થાપન સમિતીઓ ધીરે ધીરે કાર્યરત બનતી જાય છે આ સમિતીઓના સભ્યોની તાલીમો પણ કરવામાં આવી છે. જેથી તેઓ પોતાની ભૂમિકા અને જવાબદારીઓથી વાકેફ થયા છે પણ સંચાલન પ્રક્રિયાઓ હજુ જોઈએ તેવી મજબુત થયેલ જોવા મળતી નથી.

પર્યાવરણ જાળવણી માટે થતા સરકારી રાહે પ્રયાસોમાં લોકોને જાગૃતિ કાર્યો કે સંશોધન, સર્વે કે ગણતરી/મોજણી દરમ્યાન લોકોને જોડવાની બાબત જોવા મળતી હતી. ધ બાયોલોજીકલ ડાયવર્સીટી એકટ ૨૦૦૨ અંતર્ગત ગ્રામ કક્ષાએ જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચનાની બાબત છે આ સમિતીએ પીપલ્સ બાયોડાયવર્સીટી રજીસ્ટર તૈયાર કરી તેની નિભાવણી કરવાની જેમાં જૈવિક સંસાધનો, તેના ઉપયોગ, પારંપરિક જ્ઞાન અને જૈવિક વિવિધતાના લાભોના સપ્રમાણ અને ન્યાયપૂર્ણ વહેંચણી માટેની વિગતો, વસુલ કરેલ કિંમતનુ વિવિરણ અને તેમાથી પ્રાપ્ત થતા લાભો અને સહભાગીતા માટેનુ વિવરણ હોય છે. આ પ્રકારની સમિતીઓની રચના માટે આ વિસ્તારમાં હરિરાજ સંસ્થા કાર્યરત થયેલ છે.

આ જ રીતે ગ્રામ આરોગ્ય જાળવણી માટે રચાયેલ ગ્રામ સંજીવની સમિતીના સભ્યોની તાલીમોમાં આ સંસ્થા પરિવારના સભ્યો ખાંભા, વિસાવદર તથા બારડોલી તાલુકામાં સામેલ થયા હતા. તાલીમોના અંતે જાણવા મળે છે કે યોગ્ય જાણકારી સંચાલનની કુશળતા બને તો લોકોને રસ પડે છે અને આ કાર્યની જરુર સમજી તેમાં પોતાની સક્રિય સામેલગીરીને પ્રોત્સાહન મળે છે જે નિરંતર બની શકે.

પીવાના પાણી માટે પણ એસએસકેકે એ છેલ્લા ૪ માસમાં ઉના તાલુકાના ૧૫ ગામોમાં ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતીઓની રચના કરી છે. ગ્રામ પંચાયત સાથે રહીને કાર્યરત આ સમિતીના સભ્યો દ્વારા જે તે ગામોની પીવાના પાણીની સુવિધા માટેની યોજના બની રહી છે.

આમ, આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણીની સુવિધા, આજીવિકા, સામાજીક ન્યાય, પર્યાવરણ જેવી બાબતોમાં લોકોને સવલતો મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવા તેમજ સમગ્ર પ્રક્રિયાના સંચાલન માટે સમિતીઓની રચના થયેલ છે.

***બીજા સાથે એવી ઉદારતા રાખો જેવી ઈશ્વર તમારી સાથે રાખે છે.***





**પાણી જીવનનો આધાર**

શું બધે જ પુરતુ, ચોખ્ખુ પીવાનું પાણી આસાનીથી મળી રહેતું હશે? ચિત્ર ઉના તાલુકાના કંસારી ગામની સ્થિતીથી આપણને વાકેફ કરે છે.

**હરીયાળી ક્રાંતિ**

ત્યારેજ શકય બને જયારે ખેડુતો વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિનો સહારો લઈ પોતાની આગવી સુઝ સાથે ખારાશવાળા વિસ્તારમાં પણ ખેતીમાંથી મબલખ ઉત્પાદન મેળવે.





**બાળ અધિકાર અભિયાન**

બાળક ભારતનું ભાવી નાગરીક છે જો તેમના મૂખ્ય અધિકારો પૈકીનો શિક્ષણનો અધિકાર તેમને નહી મળતો હોયતો ભારતના ભાવીની કલ્પના કરવી પણ મુશ્કેલ લાગે.

**લોક જાગૃતિ**

પાણીના મુદ્દે લોક જાગૃતિનું કામ અસરકારક એવી નાટકની પધ્ધતિથી કરવામાં આવી. ખરેખર આવી લોકભોગ્ય રીતો ઉપયોગી નીવડે છે.

**એકાગ્ર ચિતે કામ કરવાથી સફળતા જરૂર મળે છે.**



**દરેક નિર્ણયમાં ભાગીદારી**

આધી આબાદી હમારી હૈ ફીર હમ કયો બીચારી રહે આ વાતને સોંદરડીની ગ્રામસભામાં બહેનો તેમની ભાગીદારી નોંધાવી સાબીત કરી આપી.



**ચેન્જ એજન્ટ**

બદલાવ ત્યારેજ શકય બને જયારે લોકો ખુદ જવાબદારી લે અને કોઈ પણ કામમાં સ્વૈચ્છિક રીતે તેમની સહભાગીતા અને પહેલ હોય.



**મારૂ આયોજન મારે હાથ**

મારા ગામની સુખાકારીની યોજનાઓના આયોજનમાં મારો સહયોગ ના હોયતો કદાચ યોજના મને ઉપયોગી હોય તેવી ના બને. સહીયારુ આયોજન ત્યારે જ શકય બને જયારે સહુનો સહયોગ હોય.




**શરૂઆત બાળકોથી**

બાળકો બદલાવ લાવવાની પ્રક્રિયામાં મહત્વનું પ્રદાન કરી શકે તેવુ અમારુ માનવું છે. બાળકો સાથે રહી પાણી અને સ્વચ્છતાના મુદે યાજપુર શાળામાં થયેલ કાર્યક્રમ.

***નિષ્ફળતા એજ સફળતાની ચાવી છે.***

**WATER**

infrasys is unilaterally opposed to privatization of water. Considering this, the only investments we will make in water will be in methods to improve the quality and efficiency of its use. Our focus:

. Systems, kits and methods of improving the quality of potable water.

. Efficient irrigation systems and technologies

. Construction of dry or composting toilets (which will save over 9,000 liters of water per family of 5 per year @ 5 liters per flush)

. Harvesting technologies and method

**HEALTH**

Health is the foundation of life and how well we develop as a society depends on the health of individuals, communities and the public at large. India is home to 40% of the world's severely malnourished children under 5. India ranks 126th

From the top (out of 175 nations surveyed) in Human Development Index in the 2006 UN Development Program Report.

The Green Revolution's emphasis was on carbohydrates - rice and wheat - at the neglect of protein - beans and pulses. Protein deficiency is a health issue.

The Green Revolution's methods resulted in the depletion of soil quality and the poisoning of water. Both are health problems and today, plague the regions where this revolution flourished.

Schooling becomes irrelevant if a child's brain has not developed due to malnourishment. A woman cooking with firewood in a smoke filled room is at risk, as are her children. Undernourished adults in poor health, cannot be productive at work.

Health care is a colossal problem that can be tackled effectively ONLY if the governments decide to address this on a high priority basis.

**WASTE**

A community's health (& wealth) is determined by the ways in which it deals with its waste. At infraSys, we recognize that waste should not be the terminal product of a process but part of a continuum in which waste becomes useful again.

We plan to continue investing in vermicomposting and other methods of producing organic manures from animal and agricultural wastes.

We intend to invest in the promotion and construction of dry compost toilets to promote and provide sanitation in the villages.

As noted under "WATER" (left), the wet sanitation system (water transporting fecal matter to a septic tank or sewage plant) wastes preciously scarce water, needed for other more vital uses and needs. In the dry compost system, both fecal matter and urine eventually become useful as fertilizers.

## પ્રેરક વાત

એક વાડીની અંદર એક આંબો અને એક આસોપાલવનું ઝાડ બાજુબાજુમાં હતા. સમય અને ઋતુઓના આવન–જાવન સાથે ગ્રીષ્મ ઋતુમાં આંબાના ઝાડને ઈંટોના ઢેખારા તેમજ નાના પથ્થરો મારી મારીને કેરીઓ તોડવાનું શરૂ કરી દેતા હતા. છોકરાઓ જયારે આંબાને મારતા ત્યારે આસોપાલવના ઝાડને મઝા પડતી. આંબાનુ વૃક્ષ માર ખાય ત્યારે પોતાને ખુબ નસીબદાર માનતું અને આંબા માટે દયા આવતી.

એક દિવસ તેણે આંબાને કહયુ, જયારે કોઈને કોઈ તમને પથ્થર મારીને કેરી તોડતું જ રહે છે, ત્યારે તમને બહુ જ પીડા થતી હશે. એના કરતા કેરી ઉગતી જ ન હોય તો કેવુ સારૂ ? આ વાત સાંભળીને આંબાના વૃક્ષે કહયુ, એવુ ન કહે, મારી ડાળીઓ પર કેરી ઉગે છે એનાથી મને બહુ ખુશી થાય છે. આ જ કેરીને કારણે તો બાળકો તેના ઉગવાની રાહ જુએ છે અને ઉગે ત્યારે મારી પાસે આવે છે, ત્યારે મને બહુ ખુશી થાય છે.

આસોપાલવ કહે, પણ એમાં તને શો ફાયદો ? કાયમ માર ખાતો રહે છે. મને તો કોઈ એક કાંકરી પણ મારે નહી. તારા કરતાં હું કયાંય વધુ ખુશ છુ. એ સાંભળી આંબાએ કહયું, તારી ડાળી પર કોઈ ફળ ઉગતા નથી એટલે તને એનો આનંદ નહી સમજાય. જેની પાસે કંઈક હોય એ જ બીજાને આપી શકે અને એજ તેનો ધર્મ છે. કંઈક આપવાથી આત્મસુખ મળે છે અને જો તમે આનંદથી આપતા હોતો તેમાં કોઈ પ્રકારની પીડા કે દુઃખ થતા નથી. આ વાતનો જવાબ આસોપાલવ પાસે નહોતો અને તેથી તેણે આંબાને ધન્યવાદ આપ્યા.

સારઃ આપણી પાસે ભગવાને જે કાંઈ આપ્યુ હોય તેમાંથી બીજાને તેની જરૂર મુજબ આપવાથી આનંદ મળે છે અને સાથે સાથે આત્મસુખ પણ મળે.

– ધર્મેશ દવે

## Quotations

You may pray for an hour and still not pray. You may meet God for a moment and then be in touch with him all day.

- Fredrik Wisloff

I have so much to do that I spend several hours in prayer before I am able to do it.

- John Wesley

Wishing will never be a substitute for prayer.

- Ed Cole

One can believe intellectually in the efficacy of prayer and never do any praying.

- Catherine Marshall

Is prayer your steering wheel or your spare tire?

- Corrie Ten Boom

## Engage on this month

| | |
|---|---|
| 2-3 | IPM/IDM training KVK-Kodinar |
| 3 | Training on Juvenile justice Act - Ahmedabad |
| 5 | Team meeting |
| 8 | NSS Camp - Vankiya |
| 27-28 | Micro plan exercise at Sondardi Tal - Una Dist. Girsomnath |
| 28 | NSS Camp - Ditala |
| 29-30 | RTE volunteers training Amreli |
| 31 | Village institutions study workshop by CSPC - Ahmedabad |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

## Happy Birthday

| | |
|---|---|
| 1. Dinesh L Soliya | 04-02-1977 |
| 2. Haribhai Chauhan | 09-02-1974 |
| 3. Komal B Patel | 01-02-1988 |
| 4. Kalpesh Jadav | 19-02-1986 |
| 5. Mamta Goswami | 27-02-1975 |
| 6. Mukta R Jojo | 22-02-1979 |
| 7. Nimisha S Patel | 13-02-1984 |
| 8. Pramodbhai J. Joshi | 06-02-1982 |
| 9. Payal L Malviya | 15-02-1990 |
| 10 Poonam B Joshi | 19-02-1984 |
| 11 Sonal J Madviya | 01-02-1979 |
| 12 Shital V Gadhiya | 07-02-1981 |
| 13 Sandip P Chauhan | 11-02-1983 |
| 14 Vipul B. Raval | 15-02-1989 |
| 15 Vimal H Joshi | 15-02-1986 |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નકાર વ્યકિતને બધેથી તોડે છે જયારે હકાર હરકોઈ જગ્યાએથી જોડવાનુ જ કામ કરી શકે.**